Letter No: TDD/0047/01/2024 Dt: 03-01-2024

પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી સોનગઢનું મુખ્ય મથક સોનગઢ થી વ્યારા ખાતે સ્થળાંતરિત કરવા બાબત.

ગુજરાત સરકાર.
આદિજાતિ વિકાસ વિભાગ.
**ઠરાવ ક્રમાંક:** TDD/WRT/e-file/25/2023/1526/KH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી(આ.વિ.)ની કચેરીનો તા.૦૯/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક:DOTD/0119/11/2023

**પ્રસ્તાવના :**

પ્રાયોજના વહીવટદાર, સોનગઢની કચેરી ૧૯૭૬ થી કાર્યરત છે. જે તે વખતે આ કચેરીનો સુરત જિલ્લામાં સમાવેશ થતો હતો. સને ૨૦૦૭ માં જીલ્લાઓનું વિભાજન થતાં નવો તાપી જિલ્લો અસ્તિત્ત્વમાં આવેલ તથા જિલ્લાનું મુખ્ય મથક વ્યારા ખાતે નક્કી કરવામાં આવેલ હતું. અન્ય વિભાગોની જિલ્લા કક્ષાની કચેરીઓ વ્યારા ખાતેના જિલ્લા સેવા સદન પરિસરમાં કાર્યરત છે. જ્યારે પ્રાયોજના વહીવટદાર, સોનગઢની કચેરી હાલમાં પણ સોનગઢ મુકામે કાર્યરત છે. પ્રાયોજના વહીવટદારની કચેરીની લગભગ તમામ યોજનાઓનું અમલીકરણ જિલ્લાના વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ મારફત થાય છે. જેથી અવારનવાર તેમના સાથે મિટીંગ તેમજ સંકલન કરવાનું થાય છે. પરંતુ મહત્તમ અમલીકરણ અધિકારીશ્રીઓની કચેરીનું મુખ્ય મથક વ્યારા હોવાના કારણે સંકલનના પ્રશ્નો ઉભા થાય છે અને સોનગઢ ખાતે આવવા તથા જવા માટે કિંમતી સમય વેડફાઇ છે.વધુમાં પ્રજાજનોને એક જ સ્થળેથી તમામ સરકારી કચેરીઓની સેવાનો લાભ મળી શકે તેવા ઉમદા હેતુથી નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી દ્વારા તા.૦૯/૧૧/૨૦૨૩ ના પત્રથી પ્રાયોજના વહીવટદારની કચેરી , સોનગઢનું વડુ મથક સોનગઢ થી વ્યારા ખાતે સ્થળાંતરિત કરવા આ વિભાગમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી આદિજાતિ વિકાસની કચેરીના નિયંત્રણ હેઠળની પ્રાયોજના વહીવટદારની કચેરી, સોનગઢનું મુખ્ય મથક સોનગઢ થી વ્યારા ખાતે સ્થળાંતરિત કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જયદેવસિંહ વાઘેલા)
સરકારના ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :**

- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી,આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી, સોનગઢ, જિ-તાપી.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર સત્વરે મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2024.01.03 16:19:54 +05:30

File No: TDD/WRT/e-file/25/2023/1526/KH Section
Approved By: Joint Secretary,KH Section,TDD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*